T ગાંધીકૃત. B

સુબોધ વચન.

(ભાગ ૧ લો.)

રચી તથા છપાવી પ્રસિદ્ધ કર્ત્તા
ત્રીકમલાલ બાપાલાલ ગાંધી.
"ત્રાસદાયક તેરમા દુઃખદર્શક નાટક"ના કર્ત્તા,
"દશાનાગર હિતવર્દ્ધક સભા"ના સેક્રેટરી,
"દશાનાગર હિતેચ્છુ"ના અધિપતી. ઇ૦

મળવાનું ઠેકાણું. ફક્ત કર્ત્તા પાસેથી માંડવીની પો-
ળમાં પડીપોળ ઘર નંબર ૪૪૦. અમદાવાદ.

અમદાવાદ "વિજય પ્રવર્તક" પ્રેસ.

G સંવત ૧૯૪૯—સને ૧૮૯૩. A

सुबोध वचन.

भाग १ लो.

જો તમારી કંઇ સાંભળવાની ઇચ્છા થાયતો ગીતા અથવા ભાગવત વિગેરે સદ્ઉપયોગના ગ્રંથ સાંભળજો અને તેમાંથી સાર ગ્રહણ કરજો પરંતુ કુટિલ અથવા આધુનિક ગાથાઓ સાંભળી તમારા કાનને અપવિત્ર કરતા નહીં. કવખતે કોઇને ત્યાં જવું નહીં. જો તમારી માનવાની મરજી થાયતો લોકોના લવારાને માનતા નહીં પણ શાસ્ત્રના ઉપદેશને અને તેમાંની શિક્ષાને માનજો. જો તમારી ઇચ્છા સ્વાદિષ્ટ પદાર્થ ખાવાની થાયતો કોઇ અનાથ અથવા સુપાત્રને જમાડીને જમજો પરંતુ એકલા તમારૂં પેટ ભરતા નહીં અને એકલપેટા થતા નહીં. સારૂં કામ કરવાની ઇચ્છા રાખવી. જો તમારી શેવા કરવાની મરજી થાયતો પરમેશ્વર અથવા ધર્મિષ્ટ મોટા પુરૂષની શેવા કરજો પરંતુ પાખંડીને શેવતા નહીં. જો તમારી મરજી જાગરણ કરવાની થાયતો ધર્મ શાસ્ત્રમાં કહેલા દિવસો એકાદશી, આદીક પર્વને દિવસે જાગરણ કરજો પરંતુ વારાંગનાના નાચમાં અથવા ભાંડ ભવઈ ઈત્યાદી ગમતમાં તમે જાગરણ કરશો નહીં. બેસવું જોઇ કે ઉઠાડે નહીં કોઇ. જો અવગુણની પરિક્ષા કરવા બેસોતો તમારા પોતામાંજ અવગુણછે એમ સમજી બીજાની ખોડ ખાંપણુ કાઢવા તરફ લક્ષ આપતા નહીં. ન્યાયની ખુરશીએ બેશી પક્ષ કરવો નહીં. જો તમે લજ્જા પામતા હો તો અધર્મથી લજ્જા પામજો પણ બીજા કોઇથી લજ્જા પામતા નહીં. દુર્વ્યસનથી દૂર રહેવું. જો કોઇ પાસમાં તમારૂં દીલ ચોટતું હોયતો ઇશ્વરની પ્રેમપૂર્વક ભક્તિ કરવામાં પાસ લગાડજો પણ માયાના પાસમાં

બંધાતા નહીં. વિના પ્રયોજન કોઇને ઘેર જવું નહીં. જો ધન વાપરવાની મરજી થાયતો સુપાત્રને દાન આપવામાં વાપરજો પરંતુ આ લોકની જુઠી કિર્તી મેળવવામાં વાપરતા નહીં. જો કંઇ વસ્તુ ઝીલવાની મરજી થાય તો જ્ઞાનરૂપી ગંગાજળને ઝીલજો પરંતુ નર્કમાં પડયા જોગ વિષયરૂપી જળ ઝીલશો નહીં. જો સાધના કરવાની મરજી થાય તો ઇશ્વરના મહિમાને સાધજો પરંતુ વિષયને સાધતા નહીં. શત્રુ નહાનો હોય તોપણ મોટો સમજવો. જો નિયમ અને ટેક રાખવાનું ધારતા હોતો પ્રભુ ભજ્યાનો રાખજો પણ બીજાનો રાખશો નહીં. સત્પુરૂષનો સંગ કરવો. દુઃખમાં ફક્ત પ્રભુનું નામ લેજો જેથી જીવનું કલ્યાણ થશે પરંતુ ઑયરે, બાપરે, ગેવો જુઠો અને નકામો લવારો કરશો નહીં. હરખોતો હરીજન જોઇને હરખજો પરંતુ પ્રપંચીને જોઇને હરખાતા નહીં. યત્ન કર્યા વગર નશીબનો વાંક કાઢવો નહીં. સંગ કરવાનો મનસુબો થાયતો હરીજનનો સંગ કરજો પણ બીજાનો કરશો નહીં. ચોરી કરવાનું મન થાયતો વિદ્યાની ચોરી કરજો. જો તિરસ્કાર કરવાનું મન થાયતો જુઠું બોલનારનો તિરસ્કાર કરજો પરંતુ સતુપુરૂષનો તિરસ્કાર કરતા નહીં. ચડે એ પડે. જો ધોવાની મરજી થાયતો તમે તમારા મનને ધોજો પરંતુ કોઇની નિંદા કરી તેમનું પાપ ધોતા નહીં. સત્ય મેવ જયતે. જો તમે ભક્તિ ભાવ રાખોતો ભગવાનના ઉપર રાખજો પરંતુ મળમૂત્રના ભરેલા માણુસ ઉપર રાખતા નહીં. ખોદે તે પડે. જો તમારી મારવાની ઇચ્છા થાયતો શાંતીરૂપી હથિયારથી ક્રોધને મારજો પરંતુ તમે કોઇને ક્રોધથી મારતા નહીં. વાવે તેવું લણે. જો તમને ગાયન સાંભળવાપર શોખ થાય તો જેમાં પ્રભુરસ હોય તેવાં ગીતો ગાજો તથા સાંભળજો પણ પ્રપંચનાં ગીતો ગાઈ તથા સાંભળી દિવસ ખુશીમાં કાઢતા નહીં. જો તમારી હારવાની મરજી થાય તો હરીજનથી તથા હરીના નામની ખાતર સર્વસ હારજો

પરંતુ જુગટું રમી હારતા નહીં. સર્વ કામ છોડી ગુરૂ તથા ગોવિંદને ભજવા સારાછે. જો તમારી ઉપાસના અગર શેવના કરવાની મરજી થાય તો, નારાયણ, કૃષ્ણ, રામ વગેરે જે દેવ ઉપર તમારી ખરી નિષ્ટા હોય તે દેવને એક નિષ્ટાથી શેવજો. બહુ બોલવું નહીં. જો તમારી ધ્રુજવાની મરજી થાય તો કોઇનું કરજ હોય તે વાળી દેજો પરંતુ લોકના અપજશથી ધ્રુજતા નહીં. જો તમારી બત્રીસ પાંખડીને ખીલાવવાની ઇચ્છા થાય તો ઇશ્વરના ગુણ અને મહિમા સાંભળી બત્રીસ પાંખડી ખીલવજો પરંતુ ખળ પુરૂષોના પ્રપંચો અને યુક્તિઓ ઉપર મોહિત થઇ બત્રીસ પાંખડીને ખીલવતા નહીં. જો શોક રાખવાની મરજી થાય તો જેમને મુખે હરીના નામનું ઉચ્ચારણ થતું ન હોય તેમનો રાખજો અન્યનો રાખશો નહીં. જો સહાય કરવાની મરજી થાય તો હરીજનને અથવા અપંગ, અનાથ, આંધળા, લુલા, લંગડા, નિરાશ્રીત વગેરેને સહાય કરજો પરંતુ શરીરે મજબુત અને પોતાની મેળે ગુજરાન કરી શકે એવા હોય તેને કરશો નહીં. જો પારખવાનું મન થાય તો સુપાત્ર, કુપાત્ર પારખજો બીજુ પારખવાની જરૂર નથી. લાસરીયા થવું નહીં. જો ચુકવાનું મન થાય તો વ્યસનીને ચુકી જજો પણ ઇશ્વરનું નામ ચુકતા નહીં. નગ્ન કદી સુવું નહીં. જો કંઈ વસ્તુ સારી થાય તો તેનું અભિમાન તમે અંતરમાં આણશો નહીં પણ ઇશ્વરને અર્પણ કરજો. સંપ ત્યાં જંપ. જો તમારી મરજી સ્નાન કરવાની થાય તો ગંગા, યમુના, તાપી, ભાગીરથી, ઘેલો, નર્મદા વગેરે નદીયોમાં સ્નાન કરજો પરંતુ વિષયભોગ રૂપી નદીમાં નહાતા નહીં. સત્ય ધર્મથી ચાલવું. જો તમારી જમવાની મરજી થાય તો ઇશ્વરને નૈવેદ્ય ધરી તેની થાળ જમજો પરંતુ મરી ગયેલાં પુરૂષ, સ્ત્રી, બાળક કે વૃદ્ધનાં બારમાં, તેરમાં, યા ચોથીયાં (કુંવારડાં) પર નજર

રાખશો નહીં. કરકસર અને ત્રેવડે વાપરવું એ ઉત્તમ છે. જો તમે સુધારો કરવાનો ધારતા હોતો પ્રથમ પોતાનો, પછી તમારા ઘરનો, ન્યાતનો ને પછી પોતાના ગામનો કરજો તે વગર સુધારામાં ફાવશો નહીં. અક્ષાવડાં માણુસોનો ત્યાગ કરવો. જો તમારી પાસે પૈસા હોય તો છોકરાંને વિદ્યાનું દાન આપજો અગર પરમાર્થે ખરચજો પણ મરણ પાછળ તેરમાના ન્યાતવરા કરી ધન ખરચી નાંખતા નહીં. સ્ત્રીનો કેડો ઝાઝો લેવો નહીં. જો કાંપવાનું મન થાય તો તમારા પાપથી કાંપજો પણ પૈસો જાય અથવા બીમારી આવે તેથી ન કાંપતા ઈશ્વરને સંભારજો. જો તમારી કોઈને દમવાની મરજી થાય તો ધર્મશાસ્ત્ર પૂર્વક દશે ઇંદ્રિયોનું દમન કરજો પરંતુ લોભને વશ થઈ દ્રવ્યની ખાતર તમે ગરીબ અને અનાથને દમતા નહીં. જો તમારી મરજી લાંઘવાની થાય તો એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રી અથવા એવાં બીજાં વ્રતને સારૂ લાંઘણુ કરજો પરંતુ કોઈના ઉપર વેર વાળવાને સારૂ લાંઘણુ કરી આગરતુ તમારૂં પેટ બાળશો નહીં. બળીયા સાથે બાથ ભીડવી નહીં. જે કામ કરવું તે પોતાની પુરી સમજથી કરવું. જો તમારી નાચવાની ઇચ્છા થાયતો સદ્‌ગુણુના બોધથી નાચજો પરંતુ સ્ત્રીના સ્નેહ બાણુથી ખુશ થઇ નાચશો નહીં. જો તમારી મરજી તમામ ભોગ ત્યાગ કરવાની થાયતો મનમાં વૈરાગ આણી તમામ ભોગ તજી દેજો પરંતુ કોઇ મરી જાય અથવા કંઇ વસ્તુ પ્રાપ્ત થાય નહીં એના શોકને સારૂ ભોગ મુકતા નહીં. કોઇની છાની વાત પ્રકાશ કરવી નહીં. જો તમે મરનાર માણુસનું ભલું ઈચ્છતા હોતો તેની પાછળ રોવા કૂટવાની બેલાઇ કરવા દેશો નહીં પણુ ભગવાનના ગુણુ ગવરાવજો. આપેલી રકમની હમેશાં પોંચ લેવી. જો તમે મરનારને સુખી કરવા ધારતા હો તો તેની પાછળ યથાશક્તિ મુજબ સુપાત્રને ભોજન કરાવજો પણુ ક્રિયાભ્રષ્ટ કરશો નહીં અને ન્યાતવરા કરવામાં

પોતાની પુંજી ઉડાવશો નહીં. ઘડપણને માટે ઘટીત સંભાળ લેવી. જો તમે તમારા છોકરાઓનું સારૂ ઇચ્છતા હો તો તેમને નાનપણમાં પરણાવશો નહીં પણ ભણાવી ગણાવી હોંશિયાર કર્યા પછી પરણાવજો અને વીસ અગર સોળ વર્ષ પહેલાં પરણાવી જંજાળમાં નાંખશો નહીં. કોઇની ખોડ તરફ હસવું નહીં. જો તમે તમારી બાળકીઓનું સારૂ ઇચ્છતા હોતો તેમને અગીયાર વર્ષ સુધી ઘર સંસારી બાબતનું તથા થોડી કેળવણીનું જ્ઞાન આપી અગીયાર વર્ષે પરણાવજો પણ નાની વયે ઢીંગલા અથવા પૈસા ખાવા લઇ બૂઢીયા (ઘરડા) પુરૂષ સાથે પરણાવી કજોડું કરી તથા શૉક્ય ઉપર દઇ દુઃખી કરશો નહીં.

જો તમે તમારી ન્યાત સુધારવા માગતા હો તો પ્રથમ તમારા સારા મતને મળતા આવતા હોય તેવા પુરૂષોની એક સભા સ્થાપો અને ધીમે ધીમે સારી વાત લોકોને શાંત રીતે સમજાવો જેથી પ્રથમ ન્યાત અને પછી દેશ પણ સુધરશે. જે રીવાજો આપણામાં ચાલતા હોય તે રીવાજો આપણને ખરાબ માલમ પડે ત્યાર પછી તેને તજી દેવા મહેનત કરવી પણ તેમ કરવામાં લોકોની ખોટી નિંદાથી બીહીવું નહીં. ઘણોને વહાલો હોય એવા માણસે પણ ઘણા સાથે વિરોધ થાય એવું કામ કરવું નહીં. જોઇતી વસ્તુ પાસે રાખવી. કોઇની છાની વાત કહેવાની મરજી ન હોય તો તે કહેવડાવવો નહીં. બીજાને માફી આપવાથી ઇશ્વર આપણને માફી આપે છે. વ્યભિચાર, જુગટું, ચોરી, અને મદિરાપાન વગેરેનો ત્યાગ કરવો. રાંડેલી સ્ત્રીને સોનાની ચુડ અને શોભાસણનો વેશ ન રખાવવો. અધરણી એટલે શ્રીમંતના મામેરાનો વરઘોડો ફેરવવો સારો દેખાતો નથી માટે તે રીવાજ બંધ કરવા ઉત્તેજન આપવું. શ્રીમંતનો વરો કરવો અથવા ખાવો શાસ્ત્રથી ઉલટું છે, કેટલાક સમજુ ખાતા પણ નથી અને તેથી તે વરો કરવો જ નહીં અને ખાવો

એ નહીં, પણ કરવો એમજ ઇચ્છા થાય તો ખુશાલી ઉત્પન્ન થયા પછી ખુશાલીની મોજબાનીનો પોતાની શક્તિ મુજબ કરવો. સ્ત્રીઓને ફટાણાંનાં ગીતો ન ગાવા વિષે સુચના આપવી. રાતના બાર વાગ્યા પછીનો લગ્ન અથવા હરકોઇ પ્રસંગે પણ ખાવા ખવડાવવાનો રિવાજ નજ રાખવો. વરઘોડામાં પૈસા વહેંચવાના રિવાજનો નિયમ રાખવો પણ નિયમ વગર વહેંચવા નહીં. રોગ અને શત્રુ થતાજ અટકાવવા. છીંક, પેશાબ, ઝાડો, બગાસું અને વાછુટ રોકવાં નહીં. અનર્થ કરવો નહીં. વેશ્યા સાથે વેપાર કરવો નહીં. એકલા મુસાફરી જવું નહ- દિવસે ઊંઘવું નહીં. દરરોજ કંઇ પણ નવું શિખવું. પાન બીડી તપાસીને ખાવી. સારી વાત નાના માણસની પણ સાંભળવી. અયોગ્ય કામથી દૂર રહેવું. કોઇને તુંકારો કરવો નહીં. એક કરતાં વધારે વેપારીની સાથે લેણ દેણ રાખવું. મોટી રકમ એકજ માણસને ધીરવી નહીં. શેઠ કે ધણીના શત્રુની સાથે મિત્રાચારી રાખવી નહીં. વાંચ્યા વગર સહી કરવી નહીં. પ્રભુ ભજી જન્મ મરણનો ભય ટાળવો. ગરીબનો બેલી ઇશ્વરછે. વિદ્યા અને નિતીની બાબતમાં પુત્ર અને શિષ્યને લાડ લડાવવાં નહીં. પરધન, પરનાર અને પરનિંદા તજવાં. કરે તેવું પામે. ગુણી જનને ધાસવું પરના કામમાં પોતાનું કામ પહેલું કરી લેવું. શ્રીમંત અથવા મોટા અધિકારીને એકાંતમાં મળવું. અતિથીનો સત્કાર કરવો. સારાં આચરણોથી ખુશ કરે એવો પુત્ર, ધણીનુંજ ભલું ઇચ્છનાર સ્ત્રી અને સુખ દુઃખમાં સમાન રહેનારો મિત્ર એટલાં વાનાં પુણ્યવાન પુરૂષને મળેછે. રૂપીયાની જરૂર પડેતો જણસ ઘરેણું ન મુકતાં વેચી નાંખવી. દેશકાળ, પોતાનો મિત્ર કોણ અને પોતાની શક્તિ કેટલી એનો નિરંતર વિચાર કરવો. સુજશ મેળવવા હંમેશાં પ્રયત્ન કરવો. કોઇએ કંઇ સારું કામ કીધું તો તેનાથી વધારે સારૂ કરવાનું અભિમાન રાખવું પરંતુ તે માણસને હલકો પાડી દેવો નહીં તથા તે-

ની ઇર્ષા કરવી નહીં. પુત્ર અને શિષ્યને રોજ મારવા નહીં. રાંક ઉપર રૂઠવું નહીં. પોતાના ગુન્હાનો ખરો પસ્તાવો કરનારને મારવો નહીં. જમણવાર કરવું તો હમેશાં વાડીયોમાંજ કરવું કે જેથી ઢેડ વાધરી પડે નહીં તેમ ઘર આગળ ગંદકી થઇ કૉલેરા પણ થાય નહીં. સ્ત્રીની ઉમર ૨૫ વર્ષની થઇ ન હોય અને સારી ચાલની હોય તો બીજી સ્ત્રી પરણવી નહી. માતા પિતા ઉપર હેત રાખવું. કન્યા વિક્રય એટલે કન્યાને વેચવી તે શાસ્ત્રથી ઉલટું છે માટે પૈસા લઇ છોકરીઓને વેચવી નહીં પણ કંકુને કન્યા આપવી. ન્યાતવરા વગેરે કરો ઓછા કરવામાં આવેતો છોકરાઓ કેળવણીનો લાભ વધારે લઇ શકે તેમાં કંઇ શક નથી માટે ન્યાત વરા ઓછા કરવા. ઉઘાડી છાતી મુકી કૂટવાની સ્ત્રીઓને રજા આપવી નહીં. માણસના મંદવાડની અણી વખતે તેના મોં આગળ ભગવત સ્મરણ કરવું. છાજીયાં, રાજીયા, મોંવાળવાં, કાંણ તથા બેસણાના રીવાજો કૂટવા રોવાની સાથેજ બંધ કરવા જોઇએ. આપણું આયુષ્ય અલ્પ છે માટે પરમાર્થનાં કામો કરવાં અને ઇશ્વરનું ભજન કરી લેવું. અદેખાઇનો ત્યાગ કરવો અને સંપ સંઘરવો. વહેમ કાઢી નાંખવો અને રહેમ નજર રાખવી. જેને પોતાની ન્યાતનું તેમજ દેશનું અભિમાન નથી તે માણસમાં નથી. હરેક પ્રકારના અને હરેક ઠેકાણેથી ભ્રષ્ટાચાર અને અંધેર રીવાજોનું મૂળ છેદન કરવું. જો પરન્યાતના સાથે વહેવાર રાખવાનું ચહાતા હો તો એકલો ભોજન વ્યહવાર ન રાખતાં બેટી વ્યહવાર પણ રાખો કારણ કે શાસ્ત્રથી ચાર ન્યાતો છેઃ-બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર. અને તેમ ન ઇચ્છા હોય તો તેમને સાથે અથવા તો એક પંગતમાં જમાડવા જોઇએ નહીં. ઘરનું વાસ્તુ ખાવાની શાસ્ત્રમાં મના છે કારણ કે તેથી ઘર થતાં થએલા પાપનો ભાગ જમનારને મળે છે માટે વાસ્તુનું જમણ ખાવું નહીં.

દરેક ન્યાતે સારા ધારા બાંધી, છપાવી, ઘરદીઠ વહેંચવા જેથી ધારા તુટશે નહીં. શેઠાઇ કળામાં કુશળ અને અદલ ઇનસાફી હોય તેઓનેજ ન્યાતના શેઠીઆ નિમવા. ન્યાતોનું મળવું મહીનામાં એક વખત પણ થવું જોઇએ. ચાર દહાડાની ઘહેલી વાહવા કહેવડાવવામાં જમણવાર પાછળ હજારો રૂપીયા ખરચ કરવા નહીં. લોભી જનનું ધનવડે સમાધાન થતું હોય તો કરવું. સ્ત્રીને સાચું કહેવું નહીં. જે ઠેકાણે સદ્‌વિદ્યા, સદ્‌ગુણ, સદાચરણ, સધન, સુવિચાર, સાધારણ રૂપ, સંપ અને વિવેક જોવામાં આવે તે ઠેકાણું કુળવાનથી પણ અધિક સમજવું. ભણીને ઉદ્યમ કરવો. શરીરને કસરત આપવી. ખાતું હાથ દસ્કતનુંજ રાખવું. આપત્તિના વખતમાં સગાંને ઘેર રહેવું નહીં. દીન ઉપર દયા રાખવી. ઇશ્વિરની સ્તુતિ કરી વ્યવહારીક કામકાજ કરવું. સ્ત્રીને વશ થવું નહીં. જમવામાં, બેપારમાં, અને વ્યવહારમાં શરમ રાખવી નહીં. અજાણ્યા વૈદનું ઔષધ ન કરવું. કોઇની પણ સાથે લખત વગર લેણદેણનો વ્યવહાર ન રાખવો. ગપ્પાં મારવા કરતાં જ્ઞાન સંપાદન કરવું સારૂં છે. બાળકને શિખામણ દેવી. પરદુઃખ દેખી પ્રસન્ન ન થવું. અનુભવી અથવા વૃદ્ધ માણસની, ખરા જીવ જાન અગર વિચારવાન મિત્રની સલાહ લેવી. જપ, તપ અને દાન છાનાં કરવાં. ચોર, પાપી, વ્યસની, કામી, ક્રોધી, લોભી, કિમયાગર અને લાલચુ પુરૂષોને પરહરવા. ઇશ્વરની કૃપા સંપાદન કરવી. જે કામ કરવું તેમાં આપણું અને લોકોનું હિત સમાયલું હોવું જોઇએ. પુત્ર, સમૃધી અને શરીર એ ત્રણનો ગર્વ કરવો નહીં. મિત્રને સારી સલાહ આપવી. કોઇની આશા ભંગ કરવી નહીં. તમામ કાબુ પોતાનાજ હાથમાં રાખવું. સત્ય સમાન ઊંચો ધર્મ નથી. અન્ન, પાણી અને આબરૂ રાખવાં. આરંભેલું કામ અડધું કરી મુકી દેવું નહીં. ધર્માદામાં કાઢેલા પૈસા જેમ બને તેમ જલદીથી વાપરી દેવા. પરપ્રાક્રમ, પરચાતુરી, પરલક્ષ્મી, અને પરનાર આ ચાર

વસ્તુનો વાદ કરવો નહીં. દાન તો આંધળા, અનાથ, કંગાળ, સુપાત્ર વગેરેને આપવું. સઘળું ખોવાય તેની ફિકર નહીં પણ પ્રમાણિકપણું ખોવાય નહીં તેની સાવચેતી રાખવી. દરેક નિમેષે વખતે આપણું કામ સાવચેતી રાખી ઝડપ અને ચપળતાથી કરવું. આપવખાણ કરવાં નહીં.

ભય આવ્યા પહેલાં બીહીવું અને આવેથી છુટવાનો ઉપાય કરવો. તરસ ન છતાં પાણી પીવું નહીં. છોકરાંને મોઢે ચઢાવવાં નહીં. દુઃખ પરાણે વેઠવું નહીં. કોઇ પણ બાબત સમજ્યા ન હોઇએતો સમજ્યા એવું કહેવું નહીં. પાણી, વાણી અને દ્રષ્ટી મીઠાં રાખવાં. વસ્તુ લીધા પછી પૈસા આપવા. કોઇને મદદ ન થઇ શકે તેવું હોયતો ચિંતા કરવી નહીં. મિત્રને પણ અતિ ગુહ્યવાત કહેવી નહીં કારણકે મિત્રાચારી છુટે શત્રુથી પણ ભુંડો. ધીમે ધીમે ચાવીને ખાવું. આપણાથી કોઇને અધિક જોઇ કલેશ કરવો નહીં. ઉપયોગી ગ્રંથ વાંચવો. ખાવામાં કોઇને આગ્રહ કરી વધારે ખવડાવવું નહીં. સુખથી છકી જવું નહીં, દુઃખથી ડરવું નહીં. ખાવાના પદાર્થ તાજા અને નિરોગી રાખવા. હરી, ગુરૂ તથા માબાપની શેવા કરવી. વિદ્યા એજ ધનછે. કામ વખતે મુરખનું પણ મન ગમતુ કરવું, કહેવત છે કે " ગરજ પડે ગધેડાને પણ બાપ કહેવો પડે." અનુભવી પાસેથી વાકેફગારી મેળવવી. મિત્રાચારી બાંધવી તો તોડવી નહીં, ને તોડવી તો બાંધવી નહીં અને ફરીથી બાંધવી પડે તો સાવચેતીથી વર્તવું. મુઆ પહેલાં કોઇને પણ આબરૂદાર ગણવો નહીં. જે કામથી હાની થાય તે કરવું નહીં. ગઇ વાતનો શોક કરવો નહીં. મુસાફરીમાં કિમતી દાગીના શરીર ઉપર રાખવા નહીં. જેના વગર ચાલે નહીં તેની મરજી રાખી રહેવું. કોઇના જામીન કદી થવું નહીં. આળસ અને ક્રોધ તજવાં. સરત તથા વાદ કરવાં નહીં. જે ફાયદો જુલમ કરવાથી મળે તે ફાયદો નહીં પણ નુક-

શાન છે. જાણુવા પુછવાથી કાયર થવું નહીં. અગત્યનું કામ હોય તે આપણે પોતે કરવું. મળ્યા ત્યારે મીર નહીતો ફકિર એવું થવું નહીં. પરદેશમાં પ્રિત વધારવી નહીં. સોબત તેવી અસર, સંગ તેવો રંગ માટે સારાની સોબત કરવી. સોની ઉપર વિશ્વાસ રાખવો નહીં. વખત સર અને નિયમિત કામ કરવાની ટેવ રાખવી. આપણી ખોડ બતાવનારનો ઉપકાર માનવો. વિવેક અને નરમાશથી વર્તવું કારણ કે વિવેક એ દશમો નિધીછે. ગુરૂ કહે તેમ કરવું પણ કરે તેમ કરવું નહીં. સંપત હોયતો પોતાના વતનમાંજ રહેવું સારૂં. ચડે તે પડે, વાવે તે લણે અને ભણે તે ભૂલે માટે તેનો હરખ શોક ન કરવો. ગરથ ગાંઠે, વિધા પાઠે અને સ્ત્રી સાથે રાખવાં. શિખેલી વિધા ફરી ફરીને યાદ કરવી. “ચાર મળે જ્યાં ચોટલા ત્યાં વળે ઉંધા ઓટલા” માટે સ્ત્રીઓની સાથે વિવાદ ન કરવો. નદી, શિંગડાં તથા નખવાળાં પ્રાણી, શસ્ત્ર ધારી મનુષ્ય, સ્ત્રી, રાજા, તપસ્વી, અગ્ની, સાપ અને દેવતા એટલાનો વિશ્વાસ કરવો નહીં. જે કંઇ વાંચવું તેમાંથી સાર ગ્રહણ કરવો. જે જગ્યા નિંદીત હોય તે જગ્યાએ કામ પાડવું નહીં. નઠારૂં કામ કરવાનો વખત આવેતો તેમાં બને તેટલી ઢીલ કરવી. પુત્ર અને શિષ્યને સમજણ પડે તેવી વાત કહેવી. મિત્રાચારી સરખે સરખાની કરવી. સ્વધનનો ઉપયોગ સદ્પાત્રને આપી કરવો. પહેલી દેવની પુજા અને પછી પેટની કરવી. સ્વભાવે નીચ પુરૂષનો સહવાસ રાખવો નહીં. બીજાને બરોસે કોઇ પણ કામનો આરંભ કરવો નહીં. સ્ત્રીના સગાને જાથુકને માટે રાખવો નહીં. એકથી બે ભલા કારણ કે “એક હાથે તાળી પડતી નથી.” ફુલાવ્યા ફુલવું નહીં વાદે ધન વાપરવું નહીં. બીજાની ચુક જોઇ ડાહ્યા પુરૂષો પોતાની સુધારેછે. અર્થનાશ, ગૃહ છિદ્ર, દાન, માન, અપમાન, આયુષ્ય અને ધન એટલાં વાનાં ડાહ્યા પુરૂષે પ્રગટ કરવાં નહીં. મહેનત અને ઉદ્યોગ કરવો અને વખતનો બ-

સબર ઉપયોગ કરવો એ તરૂણ પુરૂષોનું મુખ્ય કામ છે. જેનો હાલ ખપ ન હોય તે વસ્તુ લેવી નહીં. ખરાબ ગંદકી વાળી જગોમાં રહેવું નહીં. કોઇ પણ ધંધો કરવામાં નાનમ નથી તે નળ તથા હરિશ્ચંદ્ર રાજાના દૃષ્ટાંતથી સાબીત છે. જુવાની અને દ્રવ્ય ઘણો વખત ટકતાં નથી. કમાઉ દીકરો બાપને વહાલો લાગે. શેઠના સાળા સૌ થવા જાય અને ગરીબનો કોઇ બનેવીએ ન થાય. રાત્રે દસ વાગ્યા પછી બનતા સુધી જાગવું નહીં અને ચાર વાગ્યા કરતાં મોડા ઉઠવું નહીં. દુરીજનની સંગત કરવી નહીં કારણ કે માંકડના મેળાપથી ખાટલો માર ખાય છે. ચાર જણની પરીક્ષાઃ—

આપત કાળે મિત્રની, વૈભવ ભાગ્યે નાર;
ભય વેળાએ ભ્રાતને, પડતીમાં દાતાર.

ખાસ કારણ શિવાય જમવાનો વખત ચુકવો નહીં. જે કામ કળાથી થાય તે બળાથી ન થાય. થોડા પણ ભુખ્યા રહેવું સારૂં અને કાચી ભુખે ખાવું નહીં. જાગે તે જીવે, ઊંઘે તે મરે માટે સાવચેત રહેવું કારણ કે "ઉંઘતાનો પાડો ને જાગતાનો પાડી." લુગડાં લત્તામાં ઘણા પૈસા ખરચવા નહીં. ગયો વખત પાછો આવતો નથી માટે નકામો ગાળવો નહીં. બે જણ છાની વાત કરે ત્યાં ઉભા રહેવુ નહીં. કોઇ પણ પ્રાણી દુઃખમાં કે સંકટમાં આવી પડયું હોયતો આપણાથી બને તેટલી રીતે તેને તન, મન, અને ધનથી મદદ કરી છુટો કરવો. વચન આપતાં પહેલાં વિચાર કરવો પણ આપ્યા પછી તે પાળવાની કાળજી રાખવી. સ્ત્રી, પુત્ર, મિત્ર, વડિલ વગેરેનું આચરણ નઠારૂં માલમ પડે તો તે ઉઘાડું પાડવું નહીં પણ ઘરને ખૂણે એકાંતમાં શિખામણ દઇ સુધારવાં. થોડા સો મીઠા, કહેવત છે કે "થોડું બોલે જીતી જાય, ઘણું બોલે તે ગોદા ખાય." કોઇએ ઉપકાર કર્યો હોય તો ભુલવો નહીં. સર્વ દેવ નમસ્કાર કરવા યોગ્યછે પણ ભક્તિ તો એકજ દેવ ઉપર આ-

સ્તા રાખી કરવી. ભુખ સર્વથી ભુંડીછે માટે વશ કરવી. કહેલે વખતે માગી લાવેલી ચીજ પહોંચાડવી. કોઇનાપર જુઠું આળ મુકવું નહીં. કંઇ નવી બાબત જોવામાં કે સાંભળવામાં આવે તેનું ટીપ્પણ કરવું. નવા માણસપર એકદમ ભરોંસો રાખવો નહીં. રાંક થઈને રળવું. લાખની બક્ષિસ અને કોડીનો હિસાબ ગણવો. ગરીબ થઇને ભણવું. જ્યાં સ્નેહ બંધાણો ત્યાં વેર કરવું નહીં. કદી લાંચ રૂશ્વત લેવી નહીં. રાજા, સ્ત્રીઓ તથા વિદ્વાન સાથે વિવાદ ન કરવો. સ્વભાવે ગંભીર થવું. દેશાવરના ખબર જાણવાનો અભ્યાસ રાખવો. બજાર ભાવ કરતાં જે ચીજ ઘણી સોંઘી મળતી હોય તે ચીજ ચોરીનો માલ સમજવો. કોઇની ઍબ ઉઘાડવી નહીં. નશીબ ચાર ડગલાં આગળનું આગળ. વિષય સુખમાં લપટાઇ જવું નહીં. વાડ વગર વેલો ચડે નહીં. ઔષધ ખાવું તો કરી પાળવી. ભણતરમાં ભાગ પડતો નથી. પૈસા કરતાં ઇજતને વધારે માન મળેછે. ભણવું પણ ગણવું જોઇએ. અજાણ્યા વેપારીને ત્યાંથી ઉધાર માલ લાવવો નહીં. તપાસી ખાવાની ટેવ રાખવી. મહીને એક વખત સુક્ષ્મ રેચ લેવો. સુપુત્રથી સુખ ને કુપુત્રથી દુઃખ. ખોટી સાહેદી પુરવી નહીં. હજામને મોંઢે છુપી વાત કહેવી નહીં. સારૂ જાણી વધારે ખાવું નહીં. વાત કરતાં હસવું નહીં. મીઠા ઝાડનું મૂળ કાઢવું નહીં. ધર્મના સોગન કદી ખાવા નહીં. ગમ ખાવી એ મોટો ગુણછે. મહાવરાથી સઘળી વાત સહેલીછે. સઉ સાથે મીઠું બોલવું. લખતાં ગણતાં વાત કરવી નહીં. અંતે ધર્મોડજય અને પાપો ક્ષય. આવક જાવકનો હિસાબ રાખવો. દેવતા, રાજા, અને ગુરૂ એમની છેક પાસે તેમજ છેક દૂર રહેવું નહીં. બે કદરના હાથ નીચે નોકરી કરવી નહીં. પ્રયત્ન આગળ નશીબ પાંગળું છે. ઉત્તમ વેપાર, મધ્યમ ખેતી અને કનિષ્ટ નોકરી છે. છોકરાંને ઘરેણાં ઘાલી રખડતાં મુકવાં નહીં. સામાને સમજણ પડે તેવું શુદ્ધ લખવું. સવારમાં વહેલા ઉઠી પ્રભુનું સ્મરણ કરવું.

નામના મોટા તેટલા દરશનના ખોટા. દેવું કરી ખર્ચ કરવું નહીં. પરમેશ્વર તથા લોકથી ડરીને ચાલવું. પૈસા લઇ પછી જમે કરવા. જે ઇશ્વરથી, મોતથી, લોકથી તથા આબરૂથી ન ડરે તે ચહાય સો કરે. પારકી નિંધા કરવી નહીં. ખરી મહેનતથી દ્રવ્ય સંપાદન કરવું. સઘળા કામમાં બને તેટલું સ્વતંત્રતાનું રક્ષણ કરવું. અન્ન તેવો ઓડકાર. પ્રમાણ વગર શોક કરવો એ નાદાની છે. હરેક બાબતનું યુક્તિથી સમાધાન કરવું. ચાકર વગેરેને આગાઉથી પૈસા આપવા નહીં. અધિકાર જોઇ વિચારી આપવો. હરકત ત્યાં બરકત. જેની ગાંઠે દામ તેને સૌ કરે સલામ. આપ ભલા તો જગ ભલા. લગ્ન વગેરે પ્રસંગે પોત પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરવો. કપાળે કપાળે જુદી મતી છે માટે " પુછીએ જનનું કરીએ મનનું. " પરમેશ્વર પાધરો તો વેરી આંધળો. રાગ રાગે તેને ફાગુ ચાખે. જે વખતે જે માણસ જે દરજ્જે હોય તેવો તેને આવકાર દેવો. આપણા વેપારની સ્થિતી, પુસ્તકો તથા અગત્યની ચીજો વારંવાર તપાસવાં. અજાણી વાતમાં અભિપ્રાય આપવો નહીં. શુભ કામ આજ થઇ શકે તે કાલપર મુલતવી રાખવું નહીં. થોડો ફાયદો મેળવતાં ભારે નુકશાન ન થાય તેની કાળજી રાખવી. સટ્ટાનો વેપાર કરવો નહીં. કમાઇમાંથી કંઇપણ બચાવવું. હલકી નજર રાખવી નહીં. ખાતરી કરી વેપારીને ત્યાંથી વસ્તુ હોરવી. પારકી આશ સદા નિરાશ માટે તે રાખવી નહીં. કોઇની હાંશી મશ્કરી કરવી નહીં અને કરવી તો તે ખમવી. માણસ જોઈ કામ પાડવું. પારકી વસ્તુ પુછયા વિના વાપરવી નહીં. ખોટા માટે હઠ કરવી નહીં. અપકારને બદલે ઉપકાર કરવો. સાહસ કર્મ કરવું નહીં. સંદેશો સુજ્ઞ સાથે કહાવવો. ગર્ભ શ્રીમંતાઈ રાખવી. કહેણી તેવી રહેણી રાખવી. ઝાઝા સાથે વેર કરવું નહીં, કારણ કે " ઝાઝી કીડીઓ સાપને તાણે. " મનમાં ગુસ્સો રાખવા કરતાં મોઢે ઠબકો આપવો તે સારી વાત છે. એ

ચાર કામ કરવાની જરૂર પડે તો અગત્યનું કામ પહેલું કરવું. આવતી કાલે શું કામ કરવાનું છે તેનો આજ વિચાર કરી રાખવો. દેખાદેખીથી આપણી શક્તિ ઉપરાંત કંઇપણ કામ કરવું નહીં. કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય એ યાદ રાખવું. છાની વાત વાટે, ઘાટે અને રાતે કરવી નહીં. પહેલું સુખ તે જાતે નર્યા. ઇંદ્રિયો જીતી તેણે સર્વ જીત્યું. અતિશે લોભ તે પાપનું મૂળ. તરત દાન ને મહા પુન્ય માટે દાન આપવાનું મુલતવી રાખવું નહીં. જે કામ કરવાનું છે તે બીજાને કહી દેવું નહીં. વેપારે લક્ષ્મી. ઉપજથી વધારે ખર્ચ કર્યાથી અંતે નુકશાન છે. બહાદુરી પ્રયત્નમાં છે. કૃતઘ્ની એટલે કર્યા કામની બુજ ન જાણે તેનો ત્યાગ કરવો. સરકાર ચડેતો પૈસાદાર જીતે માટે અંદર અંદર સમજવું, કારણ કે "જે જાય દરબાર તેનાં જાય ઘરબાર." શરીર ઉપરનાં વસ્ત્ર ચોખ્ખાં રાખવાં. ચાલતા સુધી કરજ કરવું નહીં અને કરવાનો વખત આવે તો એકજ ધણીનું કરવું. હોઠ બહાર તે કોટ બહાર એ હમેશાં યાદ રાખવું. પોતાની જાતી અનુભવ તથા આંખે જોએલી અને કાંને સાંભળેલી બીના શિવાય બીજી વાતમાં મત આપવો નહીં કારણકે કેટલીક વખત નજરે જોએલું પણ ખોટું પડે છે. વિદ્વાન થવા પ્રયત્ન કરવો. ભણે તેની વિદ્યા, મારે તેની તરવાર, અને પાળે તેનો ધર્મ છે માટે પાછી પાની કાઢવી નહીં. પોતાના બળ શિવાય બીજાનું બળ નકામું સમજવું. નામામાં લખી પૈસા આપવા. બેસવાની ડાળ ભાંગવી નહીં. આવતો લાભ ખાઇ જવો. મોટાને કાન હોય પણ સાન નહીં.

સમાપ્ત.

જાહેર ખબર.

ગાંધીતેલ—આ તેલ તદન વનસ્પતિનું બનાવેલું છે, જે માથામાં થતો ખોડો નાશ કરે છે, વાળ નરમ અને સુંવાળા રાખે છે, અને મગજને ઠંડક આપેછે એટલુંજ નહીં પણ વાળ સુધાં વધારેછે. કિંગત શીશી ૧ ના બે આના. ટપાલ ખર્ચ જુદું.

ગાંધીસોપ—આ નામનો વિલાયતી સાબુ, તદન વનસ્પતિનો બનાવેલો ધોળા, પીળા વગેરે રંગનો નાવામાં, લુગડાં ધોવામાં તથા ગુગડાં વગેરે દરદો ઉપર ઘણોજ ઉપયોગી થયોછે જેના નમુના તથા ભાવ મંગાવી જોવાથી ખાત્રી થશે. જથાબંધ લેનારને કિફાયતે મળશે.

ગાંધીકૃત ત્રાસદાયક તેરમા દુઃખ દર્શક નાટક—આ નાટકની જથાબંધ નકલો કેળવણી ખાતાના ઇન્સ્પેકટર સાહેબોએ ઇનાગ આપવામાં પસંદ કરી ખરીદ કરીછે જેના વિષે ગુજરાતના પ્રખ્યાત કવિ, કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇ સી. આઈ. ઈ. વગેરે વિદ્વાન ગૃહસ્થોનો ઉંચો અભિપ્રાય આવેલોછે અને જેની અસરથી કેટલીક ન્યાતોમાં મરીગયેલાં જુવાન માણસોના પાછળ તેરમાના ન્યાતવરા કરવા નહીં એવા બંદોબસ્ત થયાછે. કિંમત દોઢઆનો.

ગાંધીકૃત હિંદુકુંધારા દુઃખ દર્શક નાટક—હવે પછી બહાર પડશે. તેની કિંગત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી ૩ ०।।.

ગાંધીકૃત સુબોધ વચન—(ભાગ ૧ લો) કિંમત ૧ આનો આ પુસ્તક બહાર પડતાં અગાઉ તેની ૩૦૦૦ નકલો ખપી ગઇ છે. મેહેમદાવાદમાં તરભોવનદાસ ગાંધીને નામે ઓળખાતા પ્રખ્યાત વૈદની તાવ, ઉદરસ, ખાંસી. ચાંદી, પરમીયો, મરડો, ચુંક, ધાતુપુષ્ટી, કોલેરા, સનેપાત, રેચ વગેરેની ગુણકારી અને સસ્તી દવા વેચવાના અમદાવાદમાં ફક્ત અમે એકલાજ એજંટ છીએ.

માંડવીની પોળમાં પડીપોળ. ત્રીકમલાલ બાપાલાલ ગાંધી.